ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૨ | ૨ એપ્રિલ, ૨૦૨૦, ગુરૂવાર; ચૈત્ર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## તબલીગી જમાત કાર્યક્રમથી પરત ફરેલા જમાતીઓની દેશભરમાં શોધ

**નિઝામુદીન મર્કજમાં દેશના તમામ ભાગોમાંથી લોકો પહોંચ્યા હતા : દેશભરના જુદા જુદા વિસ્તારમાં હાલ ધર્મ પ્રચારમાં લાગેલા દેશી અને વિદેશી મુસ્લિમોની ઓળખ કરવા વ્યાપક દરોડા : ઓળખાયેલાઓની કોરોના તપાસ**



નવીદિલ્હી, તા. ૧

દુનિયાની સાથે સાથે દેશમાં પણ કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં હવે ઝડપથી વધારો થઈ રહ્યો છે. દેશમાં કોરોના વાયરસ ફેલાવવાની ગતિ હવે ભારતમાં વધારે ઝડપી બની રહી છે. ગઈકાલે મંગળવારના દિવસે ઘાતક કોરોનાના ૩૧૫ કેસો સપાટી પર આવ્યા હતા. આજે પણ મોટી સંખ્યામાં કેસો સપાટી ઉપર આવ્યા હતા. તમિળનાડુમાં કેસોની સંખ્યા વધીને નવી સપાટી ઉપર પહોંચી હતી. તમિળનાડુમાં ૧૧૦ કેસ સપાટી ઉપર આવ્યા છે. આ તમામ તબલીગી જમાતથી પરત ફરેલા લોકો છે. તમિળનાડુમાં કુલ કેસોની સંખ્યા ૧૨૪ ઉપર પહોંચી ચુકી છે. આવી જ રીતે ગુજરાતમાં કેસોની સંખ્યા ૮૭ પર પહોંચી છે જ્યારે મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૩૩૫ ઉપર પહોંચી છે. આની સાથે જ કુલ કેસોની સંખ્યા વધીને ૧૯૦૦થી ઉપર પહોંચી છે. જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી ચિંતા વધી ગઈ છે. હાલમાં સરકાર કોમ્યુનિટી ટ્રાન્સમીશનના અહેવાલને રદિયો આપી રહી છે. સોમવારના દિવસે સંખ્યા ૧૩૪૭ હતી. જે મંગળવારના દિવસે વધીને ૧૬૦૦થી ઉપર પહોંચી

● અનુસંધાન પાના - ૭ પર



હે રામ... - આપના પ્રાગટ્ય દિને ભારતવર્ષમાં એકેએક નાગરિક આપના ચરણોમાં પ્રાર્થના કરે છે કે, પ્રવર્તમાન પરિસ્થિતિ સામે લડવાની હિંમત, દષ્ટિ અને ઉપાયો આશીર્વાદ સ્વરૂપે ઉપલબ્ધ કરાવો... કૃષ્ણ સ્વરૂપે આપે ગીતામાં વચન આપ્યું હતું કે, 'સંભવામિ યુગે યુગે...' આજે અત્યંત જરૂરી છે આપનું પ્રાગટ્ય... જે સ્વરૂપે, જે સ્થાને આપ પ્રગટો... હાડમારીઓ અને મહામારીઓથી વિશ્વ-દેશને બચાવવાનો સમય આવી પહોંચ્યો છે. અમે ભારતના રામભક્તો આપના જીવનને આદર્શ માનીને અનુકરણ કરવામાં અમારું સૌભાગ્ય માનીએ છીએ... અને વર્ષો સુધી પરિસ્થિતિના પડકારો જીલતા જીલતા આપણી ભારતીય સંસ્કૃતિને અડીખમ અને અકબંધ રાખવાનો પ્રામાણિક પુરુષાર્થ કર્યો છે... આજે દસેય દિશાઓમાંથી વિશ્વ ઘેરાયું છે ત્યારે સૌને નવી દિશા અને નવી દશા માટે આપનો પ્રકાશ પાથરો એવી પ્રાર્થના....

**ભજ દિનબંધુ દિનેશ દાનવ, દૈત્ય, વંશ નિકંદનમ્...**
**રઘુનંદ આનંદકંદ કોશલચંદ દશરથનંદનમ્.....**
**શ્રીરામચંદ્ર કૃપાલુ ભજમન... હરણ ભવભય દારુનમ્....**

## આજે તમામ રાજ્યોના મુખ્યપ્રધાન સાથે પ્રધાનમંત્રી મોદીની વાતચીત

**વિડિયો કોન્ફરન્સિંગ મારફતે વાતચીત થશે : કોરોનાના વધતા જતાં કેસો વચ્ચે થનાર ચર્ચા ઉપર નજર**

નવીદિલ્હી, તા. ૧

દેશભરમાં કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગુરુવારના દિવસે તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વિડિયો કોન્ફરન્સિંગ પર ચર્ચા કરશે. કોરોના દર્દીઓની વધતી સંખ્યાથી રાજ્યથી લઈને કેન્દ્ર સુધી હલચાલ વધી ગઈ છે. કોરોનાનો સામનો કરવા માટે રાજ્યોની તૈયારીની સમીક્ષા કરાશે. સાથે સાથે મુખ્યમંત્રીઓ સમક્ષ તેમના રાજ્યોમાં આવી રહેલી પરેશાનીને પણ સાંભળશે. ભારતમાં કોરોનાના હજુ સુધી ૧૬૫૦થી વધુ કેસ થઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૩૨૦થી વધુ કેસની સાથે સાથે નવના મોત થયા છે. દેશની અંદર કોરોના વાયરસના કેટલાક હોટસ્પોટ બનીને પણ તૈયાર થયા છે જે ખુબ જ ખતરનાક છે. મોદી પોતે ફ્રન્ટફુટથી નેતૃત્વ કરી રહ્યા છે. તેઓએ પહેલા મેડિકલ પ્રોફેશનલો સાથે પણ વિડિયો કોન્ફરન્સિંગથી વાત કરી છે. આ પહેલા મોદીએ દેશભરમાં ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરી હતી.

## તબલીગી જમાતના પરિણામે કેસમાં એકાએક વધારો : આરોગ્ય મંત્રાલય

**છેલ્લા ૨૪ કલાકમાં જે કેસ આવ્યા જે પૈકી ૧૬૪થી વધુ કેસો સીધીરીતે મર્કજમાં સામેલ લોકો સાથે સંબંધિત રહ્યા**

નવી દિલ્હી, તા. ૧

દિલ્હી પોલીસ દ્વારા વારંવારની ચેતવણી બાદ પણ તબલીગી જમાતના કઠોર અને જિદ્દી વલણથી હવે દેશ સામે મોટી આફત આવી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં જ દેશમાં કોરોના વાયરસના ૩૮૮ કેસ સપાટી ઉપર આવી ચુક્યા છે. આમાંથી ૧૬૪ કેસ સીધીરીતે દિલ્હીના નિઝામુદ્દીન મર્કજમાં તબલીગી ગતિવિધિમાં ભાગ લેવા માટે પહોંચેલા લોકો સાથે સંબંધિત છે. હજુ અનેક સેમ્પલોના રિપોર્ટ આવ્યા નથી. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે, દેશમાં કોરોના વાયરસના નવા કેસો સપાટી ઉપર આવી રહ્યા છે. કોરોનાની ગતિ પણ વધી રહી છે. ૩૯ લોકોના મોત થઈ ચુક્યા છે. વધુ ત્રણ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૩૨ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. મંત્રાલયના કહેવા મુજબ કોરોનાના કેસોમાં એકાએક ઉછાળો તબલીગી જમાતના લોકોના ઈન્ફેક્શનના કારણે થયો છે. જમ્મુ કાશ્મીરમાં ૨૩, તેલંગાણામાં ૨૦, આંધ્રપ્રદેશમાં ૧૭, આંદામાન નિકોબારમાં નવ નવા કેસ જમાત સાથે જોડાયેલા સપાટી ઉપર આવ્યા છે. કેન્દ્રીય આરોગ્યમંત્રાલયે આજે પત્રકાર પરિષધ યોજીને આંકડાકીય માહિતી પુરી પાડી હતી. તમિળનાડુમાંથી ૬૫, દિલ્હીમાંથી ૧૮ અને પોન્ડીચેરીમાંથી બે નવા કેસ તબલીગી જમાત સાથે

● અનુસંધાન પાના - ૭ પર

| ક્યાં | વિશ્વ | ભારત | ગુજરાત | ગાંધીનગર |
|---|---|---|---|---|
| કેસ | ૮,૯૩,૯૯૫ | ૧૯૭૪ | ૮૭ | ૧૧ |
| મૃત્યુ | ૪૫,૦૫૦ | ૫૫ | ૦૬ | ૦૦ |

## ભારતમાં કોરોનાનો વધતો કહેર ૫૫ના મોત, ૧૯૭૪થી વધુ સંક્રમિત

**બંગાળમાં બેનાં મોત, મહારાષ્ટ્રમાં કોરોનાના ૩૩૬થી વધુ કેસ : ૧૩૩ સ્વસ્થ થયા, તમિલનાડુમાં ૨૩૪ કોરોનાના નવા કેસ નોંધાયા જેમાંથી ઇન્દોરમાં એક જ પરિવારના નવ લોકો સંક્રમિત**

ન્યુ દિલ્હી,તા.૧

સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે કોરોનાનું સંકટ વધી રહ્યુ છે. અને ત્રણ લોકોના વધુ મોત થતા દેશમાં કુલ મૃત્યુઆંક ૫૨ સુધી પહોંચી ગયો છે. જ્યારે આજે આંધ્રપ્રદેશમાં સૌથી વધુ ૪૩ નવા કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૨૩ નવા કેસ સાથે રાજ્યમાં કુલ ૩૨૫ પોઝીટીવ કેસ થયા છે. જ્યારે દિલ્હીમાં કોરોનાના કુલ કેસ ૧૨૧ થયા છે. ભારતમાં કોરોના વાયરસના કેસની સંખ્યા વધી રહી છે. આજે બુધવારે ભારતમાં કોરોના વાયરસના સંક્રમણનો આંકડો વધીને ૧૭૧૮ પર પહોંચ્યો છે. અસમમાં કોરોનાનો એક પોઝિટીવ કેસ નોંધાયો છે. આસામના કરીમગંજ જિલ્લાના સ્થાનિક ૫૨ વર્ષના વ્યક્તિમાં કોરોના સંક્રમણ જોવા મળ્યુ. દિલ્હીના સરકારી હોસ્પિટલના એક ડોક્ટર કોરોના પોઝિટિવ મળી આવ્યા છે.

કોરોના પોઝિટિવમાંથી ૧૩૩ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે સવારે



આ આંકડા જારી કર્યા છે. ગત ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના ૨૪૦ નવા કેસ સામે આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં કોરોનાથી ગત ૨૪ કલાકમાં જ બે કોરોના ગ્રસ્ત વ્યક્તિનું મોત થયું છે. આમ પ.બંગાળમાં કોરોનાથી અત્યાર સુધીમાં ૬ લોકોના મોત થઈ ચૂક્યા છે. કોરોનાના સંક્રમણના કારણે ઈન્દોરમાં ૬૫ વર્ષીય વ્યક્તિનું નિધન થયું છે.

દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ઝડપથી વધી છે. મંગળવારે મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના ૭૨ નવા કેસ નોંધાયા છે, ત્યારબાદ રાજ્યમાં ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા ૩૦૨ પર પહોંચી ગઈ છે. કેરળમાં આજે કોરોના વાયરસના સાત નવા કેસ નોંધાયા છે. જે બાદ અહીં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૨૪૧ થઈ ગઈ છે. આજે તમિળનાડુમાં ૫૫ નવા કેસ છે. આમાંથી ૫૦ એવા લોકો છે કે જેમણે દિલ્હીમાં નિઝામુદીન મરકજ સંમેલનમાં ભાગ લીધો હતો. રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૧૨૪ થઈ ગઈ છે.

મધ્યપ્રદેશમાં કોરોના વાયરસના નવા ૨૦ કેસ સામે આવ્યા છે. જેમા ઈન્દોરમાં ૧૯ અને એક ખરગોનમાં નોંધાયા છે. ચિંતાજનક બાબત છે કે ઈન્દોરથી જે મામલા સામે આવ્યા છે જેમાંથી ૯ એક જ પરિવારમાં નોંધાયા છે. અધિકારીઓએ જણાવ્યું કે ઈન્દોરના તંજીમ નગરમાં રહેતા પરિવારના ૩ બાળકો કોરોના પોઝિટિવ જોવા મળ્યા છે. આ બાળકોની ઉંમર ૩ વર્ષ, ૫ વર્ષ અને ૮ વર્ષ છે.

## છેલ્લે... છેલ્લે...

- મુંબઈના ધારાવી ઝૂંપડપટ્ટીમાં પ્રથમ પોઝિટીવ કેસ નોંધાયો.
- સ્પેનમાં એક લાખથી વધુ કેસ પોઝિટીવ નોંધાયા.
- યુકેમાં ૪,૩૨૪ નવા કેસ નોંધાતા ૨૯,૪૭૪ કુલ કેસ થયા.
- મહારાષ્ટ્ર, તામિલનાડુમાં આજે સૌથી વધુ કેસ નોંધાતા બંને રાજ્યોમાં ભારે હાહાકાર.
- તામિલનાડુમાં નિઝામુદ્દીન સમાજના ૧૧૦ પોઝિટીવ કેસ નોંધાયા હતા.
- સુરતમાંથી ૭૨ જમાતીઓ નિઝામુદ્દીન પ્રોગ્રામમાં હાજરી આપવા ગયા હતા. તેઓને શોધી કઢાયા છે અને તેમને કોરોન્ટાઈન કરાયા છે.
- કર્ણાટકના મુખ્યમંત્રીએ એક વર્ષનો પગાર રાહત ફંડમાં અર્પણ કર્યો.
- રિલાયન્સ ફાઉન્ડેશને સુરત મહાનગર પાલિકાના મેયરને રાહતકાર્ય માટે એક કરોડ અલગથી ફાળો આપ્યો.
- અમદાવાદના ૩૧-૩૧ પોઝિટીવ દર્દીઓના નામ કોર્પોરેશને જાહેર કર્યા.
- કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ પ્રધાનમંત્રીને પત્ર લખી મનરેગાનું પેમેન્ટ એડવાન્સમાં તાત્કાલિક શ્રમિકોને આપવા માંગણી કરી છે.
- રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે મોરબીના શંકાસ્પદ કોરોના દર્દીનું મૃત્યુ.
- રાજ્યની મંત્રીમંડળની બેઠક આજે વિડીયો કોન્ફરન્સથી યોજાઈ હતી.
- હોમ કોરોન્ટાઈન ભંગની ૩૨થી વધારે ફરિયાદો દાખલ કરાઈ. જ્યારે જાહેરનામાના ભંગ માટેની ૮૦૦થી વધુ ફરિયાદો રાજ્યભરમાં નોંધાઈ.

## જમાતની જિદ્દ તોડવા દોભાલ રાત્રે બે વાગે નિઝામુદ્દીન ગયા

**મસ્જિદને ખાલી કરવા માટે તૈયાર થયા ન હતા : ચર્ચાસ્પદ દિલ્હીના નિઝામુદ્દીન મરકજને ખાલી કરાવવા માટે આખરે અજિત દોભાલને ઉતરવાના ફરજ પડી હતી**

નવી દિલ્હી,તા. ૧

દિલ્હીના નિઝામુદ્દીનની પાસે સ્થિત મરકજને ભીડથી ખાલી કરાવી લેવામાં ભારે મુશ્કેલી પડી



હતી. સરકારના આદેશ અને પોલીસની ચેતવણી બાદ પણ જમાતે કઈ હદ સુધી જિદ્દી વલણ અપનાવ્યુ હતુ તે આ બાબતથી સાબિત થાય છે કે અડધી રાત્રે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલને મનાવવા જવાની ફરજ પડી હતી. મસ્જિદના મૌલાના સાદ દિલ્હી પોલીસ અને સુરક્ષા સંસ્થાઓની અપીલને ફગાવી ચુક્યા હતા. આવી સ્થિતીમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહના આદેશ પર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ જમાતને મસ્જિદ ખાલી કરવા માટે સમજાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. એક અગ્રણી અખબારના અહેવાલ મુજબ ગૃહ પ્રધાનની અપીલ બાદ દોભાલ ૨૮-૨૯મી માર્ચ દરમિયાન રાત્રે બે વાગે મરકજ પહોંચી ગયા હતા. દોભાલે મૌલાના સાદને સમજાવ્યા હતા અને ત્યાં રહેલા લોકોને કોવિડ-૧૯ ટેસ્ટ કરાવી લેવા માટે કહેવામાં

● અનુસંધાન પાના - ૭ પર

## વિશ્વભરમાં કોરોનાનો આતંક

**૪૨૦૦૦થી વધુના મોત, આઠ લાખથી વધુ સંક્રમિત : ૨૪ કલાકમાં ૪૩૭૩નાં મોત : ૭૩,૬૩૯ નવા કેસ**

રોમ/મેડ્રિડ,તા.૧

વિશ્વભરમાં કોરોના વાઈરસના દર્દીઓ ૮ લાખ ૫૮ હજાર ૮૯૨ થઈ ગયા છે. અત્યાર સુધીમાં ૪૨ હજાર ૧૫૮ લોકોએ જીવ ગુમાવ્યો છે. એક લાખ ૭૮ હજાર ૧૦૦ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. ઈટાલી અને સ્પેન બાદ હવે અમેરિકાની સ્થિતિ વિકટ બની રહી છે. ઈટાલીની વાત કરીએ તો અહીં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ ૫ હજાર ૭૯૨ થઈ ગઈ છે. જ્યારે ૧૨ હજાર ૪૪૬ લોકો અહીં મોતને ભેટ્યા છે. ઈટાલી, ફ્રાન્સ અને સ્પેનમાં એક દિવસમાં બે હજાર લોકોએ જીવ ગુમાવ્યો.

મંગળવારે ચીનમાં સંક્રમણનો એકપણ કેસ નોંધાયો છે. અહીં માત્ર પાંચ લોકોના મોત થયા છે. ચીનમાં ધીમે ધીમે સ્થિતિ સારી થઈ રહી છે. કોરોના વાઈરસના એપી સેન્ટર વુહાનમાં હવે માત્ર આંશિક લોકડાઉન જ છે. જોકે ટ્રેન અને વિમાની સેવા શરૂ કરી દેવાઈ છે. ૮ એપ્રિલના રોજ અહીં લોકડાઉન સમગ્રપણે સમાપ્ત થશે.



કોરોનાથી સૌથી વધારે પ્રભાવિત દેશ ઈટાલી થયો છે. અહીં ૧૨ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ પાંચ હજાર ૭૯૨ થઈ ગઈ છે. અહીં ૧૫૭૨૯ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.

કોરોના વાઈરસની મહામારીમાં યુરોપનો બીજો સૌથી વધારે પ્રભાવિત દેશ સ્પેન છે. અહીં પોઝિટિવ કેસની સંખ્યા એક લાખ પહોંચવા આવી છે. હાલ કેસ ૯૫૯૨૩ છે. અહીં મૃતૃઆંક ૮૪૬૪ થયો છે.

## સ્પેનમાં એક દિવસમાં ૭૪૮ના કરૂણ મોત

**સ્પેનમાં કેસોની સંખ્યા વધીને ૯૫ હજારથી વધુ : સ્પેનમાં ગંભીર રહેલા દર્દીની સંખ્યા હાલ ૫૬૦૭ નોંધાઇ**

મેડ્રીડ, તા. ૧

દુનિયાભરમાં લાખો લોકોને સકંજામાં લઈ ચુકેલા કોરોના વાયરસના કારણે એકલા સ્પેનમાં મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. સ્પેન હાલમાં સૌથી વધારે પ્રભાવિત થયેલા અમેરિકા અને ઈટાલીની સાથે સામેલ છે. છેલ્લા ૨૪ કલાકમાં સ્પેનમાં કોરોનાના કારણે ૭૪૮ લોકોના મોત થયા છે. જ્યારે સાત હજાર કરતા વધારે કેસો એક દિવસમાં જ નોંધાયા છે. જે કોરોના વાયરસની ખતરનાક સ્થિતીનો સાફ સંકેત આપે છે. ૩૦મી જાન્યુઆરીના દિવસે પ્રથમ કેસ નોંધાયા બાદથી હજુ સુધી સ્પેનમાં કેસોની સંખ્યા વધીને ૯૫૯૨૩ સુધી પહોંચી ગઈ છે. કુલ મોતનો આંકડો ૮૪૬૪ સુધી પહોંચી ગયો છે..સ્પેનમાં હાલમાં લોકો ભારે પરેશાન થયેલા છે.સ્પેનમાં કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.